Dharmesh G. Ajani
B.Com., M. Com., LL.B., Advocate
203, Sarvottam Complex, Panchnath Main Road, Opp. Panchnath Temple,
Nr. Limda Chowk, Rajkot - 360 001. **Mobile : 99789 10203, 92656 92696**
**email : dharmeshajani2015@gmail.com** **Sanad No. G/1958/2010**

તા.૧૮/૬/૨૦૨૧

## :: સ્થાવર મિલ્કતના ટાઈટલ સંબંધે અભિપ્રાય ::

બાબત : ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટનાં રાજકોટ શહેરમાં મોરબી રોડ ઉપરનાં રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૯ ની જમીન એકર ૧-૧૯ ગુંઠા રહેણાંક હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન નાં પ્લોટસ પૈકી ટી. પી. સ્કીમ નં. ૧૫ (ડ્રાફટ) ના એફ.પી. નં. ૧૭ પૈકી **પ્લોટ નં. ૧ થી ૪ ની કુલ જમીન ચો.મી.આ. ૬૦૩-૬૦** ઉપર બાંધવામાં આવેલ **'પ્રમુખ દર્શન કોમ્પલેક્ષ'** નો ૩૦ વર્ષ ની સર્ચ કરી રીર્પોટ આપવા અંગે

મે. સાહેબ

મારા સમક્ષ **શ્રી મનિષ પ્રફુલભાઈ પંડયા,** ધર્મે - હિન્દુ, ઉ.વ.આ. ૪૧, ધંધો : વેપાર, ઠે. પર્ણકુટી સોસાયટી શેરી નં. ૨, પ્લોટ નં. ૫૪, રાજકોટ (તે જમીન માલીક) તથા **શ્રી જીયા ડેવલપર્સનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર દરજ્જે શ્રી રસીકભાઈ વલ્લભભાઈ બુસા,** ધર્મે - હિન્દુ, ઉ.વ.આ. ૪૩, ધંધો : વેપાર, ઠે. શ્યામલ મોબાઈલ, રામેશ્વર ચોક, રામેશ્વર મેઈન રોડ, રાજકોટ(તે ડેવલપર્સ) એ ઉપરોકત બાબતમાં જણાવેલ સ્થાવર મિલ્કતની ઉત્તરોતરની ફાઈલ રજુ કરેલ છે અને સ્થાવર મિલ્કતના ટાઈટલ સંબંધે અભિપ્રાય આપવા વિનંતી કરેલ છે. તો સદરહું મિલ્કતનો મારો અભિપ્રાય નીચે મુજબ છે.

**સ્થાવર મિલ્કતના માલિક :**

૧. **શ્રી મનિષ પ્રફુલભાઈ પંડયા,**
ધર્મે - હિન્દુ, ઉ.વ.આ. ૪૧, ધંધો : વેપાર,
ઠે. પર્ણકુટી સોસાયટી શેરી નં. ૨, પ્લોટ નં. ૫૪, રાજકોટ. ...તે જમીન માલીક

૨. **શ્રી જીયા ડેવલપર્સનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર દરજ્જે શ્રી રસીકભાઈ વલ્લભભાઈ બુસા,**
ધર્મે - હિન્દુ, ઉ.વ.આ. ૪૩, ધંધો : વેપાર,
ઠે. શ્યામલ મોબાઈલ, રામેશ્વર ચોક, રામેશ્વર મેઈન રોડ, રાજકોટ. .....તે ડેવલોપર્સ

Dharmesh G. Ajani
B.Com., M. Com., LL.B., Advocate
203, Sarvottam Complex, Panchnath Main Road, Opp. Panchnath Temple,
Nr. Limda Chowk, Rajkot - 360 001. **Mobile : 99789 10203, 92656 92696**
**email : dharmeshajani2015@gmail.com** **Sanad No. G/1958/2010**



**<u>સ્થાવર મિલ્કતનું વર્ણન :</u>**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટનાં રાજકોટ શહેરમાં મોરબી રોડ ઉપરનાં રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૯ ની જમીન એકર ૧-૧૯ ગુંઠા રહેણાંક હેતુ માટે બીનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળી જમીન નાં પ્લોટસ પૈકી ટી. પી. સ્કીમ નં. ૧૫ (ડ્રાફટ) ના એફ.પી. નં. ૧૭ પૈકી **પ્લોટ નં. ૧ થી ૪ ની કુલ જમીન ચો.મી.આ. ૬૦૩-૬૦** ઉપર બાંધવામાં આવેલ **'પ્રમુખ દર્શન કોમ્પલેક્ષ'** નામનાં આખા બિલ્ડીંગની ચતુર્સીમા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | : | એફ. પી. નં. ૧૭/ પૈકી આવેલ છે. તે તરફ માપ મીટર ૨૧-૯૬ છે. |
| દક્ષિણે | : | ૭-૫૦ મીટરનો રસ્તો આવેલ છે. તે તરફ માપ મીટર ૯-૭૦ છે. |
| પૂર્વે | : | ૧૨-૦૦ મીટરનો ટી. પી. રસ્તો આવેલ છે. તે તરફ માપ મીટર ૪૦-૮૬ છે. |
| પશ્ચિમે | : | પ્લોટ નં. ૫ તથા ૮ થી ૧૩ આવેલ છે. તે તરફ માપ મીટર ૩૮-૦૩ છે. |

DHARMESH G. AJANI G/1958/2010 ADVOCATE

**<u>સ્થાવર મિલ્કતનો ઇતિહાસ :-</u>**

સદરહું ઉપરોક્ત બાબતમાં જણાવેલ મિલ્કતનાં મુળ માલીક કોળી રઘા રામ કે જે ગુજરી જતાં કોળી ચોંડા રઘા તથા કોળી ચોંડા રઘા તથા ચના રઘા કે જેઓ રાજકોટનાં રેવન્યુ સર્વે નં. ૪૭ ની જમીન એકર ૪-૩૦ ગુંઠા તથા અન્ય જમીન ગામ નુમના નં. ૬ (હક્કપત્રક) માં નોંધ નં. ૩૩૯ થી ધારણકર્તા હતા.

ત્યારબાદ કોળી ચોંડા રઘા તથા ચના રઘા બંને ગુજરી જતાં તેમના વારસદારો કોળી મગન ચોંડા, કોળી પ્રેમજી ચોંડા, કોળી બચુ ચના, કોળી સોમા ચના, ગામ નુમના નં. ૬ (હક્કપત્રક) માં નોંધ નં. ૯૬૮ તા. ૩૦/૮/૧૯૬૩ થી રાજકોટનાં રેવન્યુ સર્વે નં.૪૭ ની જમીન એકર ૪-૩૦ ગુંઠા તથા અન્ય જમીન ધારણ કરતા હતા.

ત્યારબાદ કોળી મગન ચોંડા, કોળી પ્રેમજી ચોંડા, કોળી બચુ ચના, કોળી સોમા ચના એ ઘરમેળે ભાયુભાગની વહેંચણી કરતાં ગામ નુમના નં. ૬ (હક્કપત્રક) માં નોંધ નં. ૨૦૯૮ તા. ૨૪/૬/૧૯૬૬ થી વહેંચણી કરતાં મગન ચોંડા અને પ્રેમજી ચૌડા નાં ભાગે રાજકોટનાં રેવન્યુ સર્વે નં.૪૭ ની જમીન એકર ૨-૧૧ ગુંઠા તથા અન્ય જમીન આવેલ તેમજ બચુ ચના તથા સોમા ચના ભાગે રાજકોટનાં રેવન્યુ સર્વે નં.૪૭ ની જમીન એકર ૨-૧૯ ગુંઠા તથા અન્ય જમીન આવેલ.

Dharmesh G. Ajani
B.Com., M. Com., LL.B., Advocate
203, Sarvottam Complex, Panchnath Main Road, Opp. Panchnath Temple,
Nr. Limda Chowk, Rajkot - 360 001. Mobile : 99789 10203, 92656 92696
email : dharmeshajani2015@gmail.com Sanad No. G/1958/2010



ત્યારબાદ બચુ ચના તથા કોળી સોમા ચના ના ખાતે આવેલ રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકીની જમીન એકર ૨-૧૯ ગુંઠા કે તેઓની ભાયુભાગની વહેંચણી મુજબ સર્વે નં. ૪૭ પૈકીની જમીન એકર ૧-૧૯ ગુંઠા તેના કાકાનાં દિકરા પ્રેમજી ચોંડા તથા મગન ચોંડાના ભાગે આવેલ છે અને કબજો પણ તે મુજબ હોય અધિક કલેકટર રાજકોટના યુ.એલ.સી. એન.એ.સી. - ૬૮૬ તા. ૧૨/૯/૧૯૮૦ થી હુકમ થતાં પ્રેમજી ચોંડા તથા મગન ચોંડા પાસે રાજકોટનાં રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકીની જમીન એકર ૧-૧૯ ગુંઠા તેમના ખાતે કરવામાં આવેલ.

ત્યારબાદ મગન ચોંડા ગુજરી જતાં વારસાઇ કરતાં કેશુભાઇ મગનભાઇ, લવજીભાઇ મગનભાઇ, અરજણભાઇ મગનભાઇ, ગોવિંદભાઇ મગનભાઇ, હેમાબેન મગનભાઇ, નિમુબેન મગનભાઇ, ભાનુબેન મગનભાઇ, મંગુબેન મગનભાઇ વિગેરેની રાજકોટની રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકીની જમીન તથા અન્ય જમીન હક્કપત્રક - ૬, નોંધ નં. ૬૫૧ તા. ૨૪/૯/૨૦૦૩ થી વારસાઇ નોંધ પડેલ.

ત્યારબાદ હેમાબેન મગનભાઇ, નિમુબેન મગનભાઇ, ભાનુબેન મગનભાઇ તથા મંજુબેન મગનભાઇ એ ઉપરોકત ખેડવાણ જમનીમાંથી પોતાનો હક્ક જતો કરવા સંમતિ આપતા તેમના નામ કમી કરવામાં આવેલ છે તેમજ સદરહું ખેડવાણ જમીનમાં કેશુભાઇ મગનભાઇ, લવજીભાઇ મગનભાઇ, અરજણભાઇ મગનભાઇ તથા ગોવિંદભાઇ મગનભાઇ તથા પ્રેમજીભાઇ ચોંડાભાઇ વિગેરે વચ્ચે ઘરમેળે વહેંચણી થતાં ગામ નમુના નં. ૬ (હક્કપત્રક) માં નોંધ અનુ. નં. ૬૫૩ તા. ૨૪/૯/૨૦૦૩ થી પડેલ અને તે મુજબ **પ્રેમજીભાઇ ચોંડાભાઇનાં ભાગમાં સર્વે નં. ૪૭ પૈકીની જમીન એકર ૧-૧૯** તથા અન્ય જમીન તેઓનાં ભાગે આવેલ.

ત્યારબાદ પ્રેમજીભાઇ સોંડાભાઇ કોળીએ તા. ૩/૧૧/૨૦૦૯ નાં રોજ જાદવભાઇ રામજીભાઇ ગોવાણીને રાજકોટનાં રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૯ ની જુની શરતની ખેડવાણ જમીન ક્ષેત્રફળ હે. આર. ચો.મી. ૦-૫૯-૬૯ તથા અન્ય જમીનનો વહીવટ, વ્યવહાર, વ્યવસ્થા કરવા માટે કુલ મુખત્યારનામું કરી આપેલ.

ત્યારબાદ પ્રેમજીભાઇ સોંડાભાઇ કોળીનાં કુલ મુખત્યાર જાદવભાઇ રામજીભાઇ ગોવાણીએ રાજકોટ નાં રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૯ ની જુની શરતની ખેડવાણ જમીન ક્ષેત્રફળ હે. આર. ચો.મી. ૦-૫૯-૬૯ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૨૧૨ તા. ૪/૧/૨૦૧૧ થી આરીફભાઇ ગુલામહુશેન ચાવડાને વેચાણ

Dharmesh G. Ajani
B.Com., M. Com., LL.B., Advocate
203, Sarvottam Complex, Panchnath Main Road, Opp. Panchnath Temple,
Nr. Limda Chowk, Rajkot - 360 001. Mobile : 99789 10203, 92656 92696
email : dharmeshajani2015@gmail.com Sanad No. G/1958/2010



કરતા તેની ગામ નમુના નં. ૬ (હક્કપત્રક) માં નોંધ અનુ. નં. ૧૪૦૫ તા. ૧૨/૧/૨૦૧૧ થી પડેલ છે અને તે તા. ૨૦/૫/૨૦૧૧ નાં અધિક મામલતદાર રાજકોટએ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ રાજકોટનાં રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૯ ની જુની શરતની ખેડવાણ જમીન ક્ષેત્રફળ હે. આર. ચો.મી. ૦-૫૯-૬૯ સરકારશ્રી ના મહેસુલ વિભાગ ગાંધીનગરના ઠરાવ તથા મામલતદાર રાજકોટ તાલુકા તથા મામલતદાર રાજકોટ શહેરનાં હુકમ મુજબ પ્રાદેસિક ફેરફાર મુજબ રાજકોટ નાં રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૯ ની જુની શરતની ખેડવાણ જમીન ક્ષેત્રફળ હે. આર. ચો.મી. ૦-૫૯-૬૯ નો રાજકોટ શહેર - ૧ માં સમાવેશ કરવામાં આવતાં તેની ગામ નમુના નં. ૬ (હક્કપત્રક) માં નોંધ અનુ. નં. ૧૭૨૨ તા. ૨૩/૨/૨૦૧૬ થી પડેલ છે.

ત્યારબાદ આરીફભાઇ ગુલામહુશેન ચાવડાએ રાજકોટ નાં રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૯, ટી. પી. સ્કીમ નં. ૧૫, એફ. પી. નં. ૧૭ પૈકી થી ફાળવેલ જમીન ચો.મી.આ. ૨૯૪૪-૭૦ ને કલેકટરશ્રી રાજકોટને બીનખેતી કરવા માટે અરજી કરતાં કલેકટરશ્રી રાજકોટએ તેમના હુકમ નં. એન.એ./લે. રે. કો.ક. ૬૫ કેસ નં. ૨૩૧/૨૦૧૬-૧૭ તા. ૧૬/૨/૨૦૧૭ થી રહેણાંક હેતુ માટે બીનખેડવાણ કરી આપેલ અને એફ. પી. નં. ૧૭ પૈકી નો લે-આઉટ પ્લાન વર્ગીકરણ નં. ૯ તા. ૨૦/૯/૨૦૧૩ થી પ્લોટ નં. ૧ થી ૨૦ નો મંજુર કરેલ છે. સદરહું બીનખેતી હુકમ અન્વયેની નોંધ ગામ નુમના નં. ૬ (હક્કપત્રક) માં નોંધ નં. ૨૨૨૨ તા. ૨૬/૨/૨૦૨૧ થી પડેલ છે. ત્યારબાદ સદરહું મિલ્કતની સીટી સર્વે કચેરીમાં હક્ક ચોક્કસી કરાવતાં સદરહું મિલ્કત રાજકોટનાં સીટી સર્વે વોર્ડ નં. ૧૩/૨, સીટી સર્વે નં. ૩૭૫૫ પૈકી થી થયેલ.

ત્યારબાદ આરીફભાઇ ગુલામહુશેન ચાવડાએ રાજકોટનાં સીટી સર્વે વોર્ડ નં. ૧૩/૨, સીટી સર્વે નં. ૩૭૫૫/૧/૩ થી ૩૭૫૫/૧/૬ રાજકોટનાં રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૯, ટી. પી. સ્કીમ નં. ૧૫, ફાઇનલ પ્લોટ નં. ૧૭ પૈકી નાં પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧ થી ૪ ની કુલ જમીન ચો.મી.આ. ૬૦૩-૬૦ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૨૭૯૩ તા. ૧૦/૪/૨૦૧૭ થી મનિષ પ્રફુલભાઇ પંડયાને વેચાણ આપેલ છે.

ત્યારબાદ મનિષ પ્રફુલભાઇ પંડયાએ સદરહું પ્લોટ નં. ૧ થી ૪ ની કુલ જમીન ચો.મી.આ. ૬૦૩-૬૦ ઉપર રેસીડેન્સીયલ કમ કોમર્શીયલ હેતું માટે હાઇરાઇઝ બિલ્ડીંગનું બાંધકામ કરવાનું નક્કી કરતા રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનની કચેરીમાંથી બાંધકામ પરવાનગી અનું. નં. ૧૨૫ તા. ૩૦/૧૨/૨૦૨૦ થી મેળવી બાંધકામનાં પ્લાન મંજુર કરાવેલ છે.

# Dharmesh G. Ajani

B.Com., M. Com., LL.B., Advocate

203, Sarvottam Complex, Panchnath Main Road, Opp. Panchnath Temple, Nr. Limda Chowk, Rajkot - 360 001. **Mobile : 99789 10203, 92656 92696**

**email : dharmeshajani2015@gmail.com** **Sanad No. G/1958/2010**




ત્યારબાદ મનિષ પ્રફુલભાઇ પંડયા (જમીન માલીક) તથા જીયા ડેવલોપર્સનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદારો (ડેવલોપર્સ) વચ્ચે ઉપરોકત પ્લોટ નં. ૧ થી ૪ ની કુલ જમીન ચો.મી.આ. ૬૦૩-૬૦ ઉપર રેસીડેન્સીયલ કમ કોમર્શીયલ હેતું માટે હાઇરાઇઝ બિલ્ડીંગનું બાંધકામ કરવા માટે રજી. ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ સબ-રજીસ્ટ્રાર કચેરી ઝોન - ૨ માં અનુ. નં. ૩૭૩૪ તા. ૧૯/૩/૨૦૨૧ થી નોંધાયેલ છે.

આ રીતે છેલ્લા ૩૦ વર્ષથી વધુ સમયનો ઇતિહાસ તપાસતાં ઉતરોતરનાં ટાઇટલની કળી **શ્રી મનિષ પ્રફુલભાઇ પંડયા** (તે જમીન માલીક) તથા **શ્રી જીયા ડેવલપર્સનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર દરજ્જે શ્રી રસીકભાઇ વલ્લભભાઇ બુસા** (તે ડેવલપર્સ) સુધી ની મળી આવે છે.

<u>સ્થાવર મિલ્કતને લગતા ટાઇટલ ડીડઝ નીચે મુજબ છે.</u>

૧. શ્રી મનિષ પ્રફુલભાઇ પંડયા (જમીન માલીક) નાં સીટી સર્વે વોર્ડ નં. ૧૩/૨, સીટી સર્વે નં. ૩૭૫૫/૧ /૩ થી ૩૭૫૫/૧/૬ નાં પ્રોપર્ટી કાર્ડની નકલ.

૨. રજી. ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ અનુ. નં. ૩૭૩૪ તા. ૧૯/૩/૨૦૨૧થી શ્રી મનિષ પ્રફુલભાઇ પંડયા (જમીન માલીક) તથા **શ્રી જીયા ડેવલપર્સનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર દરજ્જે શ્રી રસીકભાઇ વલ્લભભાઇ બુસા** (તે ડેવલપર્સ) વચ્ચે થયેલ તેની નકલ.

૩. શ્રી જીયા ડેવલપર્સનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનો રજી. ભાગીદારી દસ્તાવેજ અનુ. નં. ૧૫૮૧ તા. ૪ /૨/૨૦૨૧ ની નકલ તથા રજી. ઓફ ફર્મ્સની નકલ.

૪. રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનનો બાંધકામ પ્લાન, આરંભ પ્રમાણપત્ર તથા બાંધકામ પરવાનગી ની નકલ.

૫. રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૨૭૯૩ તા. ૧૦/૪/૨૦૧૭ આરીફભાઇ ગુલામહુશેન ચાવડાએ શ્રી મનિષ પ્રફુલભાઇ પંડયા જોગ કરી આપેલ તેની નકલ.

૬. રાજકોટ કલેકટર સાહેબશ્રીનાં બીનખેતી હુકમ નં. એન.એ./લે. રે. કો.ક. ૬૫ કેસ નં. ૨૩૧/ ૨૦૧૬-૧૭ તા. ૧૬/૨/૨૦૧૭ ની નકલ.

૭. રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનએ આપેલ જમીન આંકવા/ભાગ કરવાની અરજીની મંજુરી વર્ગીકરણ નં. ૯ તા. ૨૦/૯/૨૦૧૩ ની નકલ તથા બીનખેતી લે-આઉટ પ્લાનની નકલ.

DHARMESH G. AJANI G/1958/ 2010 ★ ADVOCATE ★

# Dharmesh G. Ajani

B.Com., M. Com., LL.B., Advocate

203, Sarvottam Complex, Panchnath Main Road, Opp. Panchnath Temple,
Nr. Limda Chowk, Rajkot - 360 001. **Mobile : 99789 10203, 92656 92696**
**email : dharmeshajani2015@gmail.com** **Sanad No. G/1958/2010**




૮. પ્રેમજીભાઇ સોંડાભાઇ કોળીએ તા. ૩/૧૧/૨૦૦૯ નાં રોજ જાદવભાઇ રામજીભાઇ ગોવાણીને આપેલ કુલ મુખત્યારનામાની નકલ.

૯. હિસ્સા ફોર્મ નં. ૪ તથા માપણી શીટની નકલ.

૧૦. ટી. પી. સ્કેચની નકલ.

૧૧. 'એફ' ફોર્મની નકલ.

૧૨. ઝોન સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાનની નકલ.

૧૩. ઉતરોતર રેવન્યુ રેકર્ડ ગામ નમુનો નં. ૭/૧૨, ૮-અ તથા પ્રમોલગેશન હકકપત્રક - ૬ તમામ નોંધોની નકલ.

ઉપરોકત વર્ણન વાળા ઉત્તરોત્તર ટાઇટલ ડીડઝ તપાસતા તેમજ સબ–રજીસ્ટ્રાર કચેરી રાજકોટ - ૧ માં સને - ૧૯૯૧ થી ૧૯૯૮ સર્ચ ફી પહોંચ નં. ૨૦૨૧૦૨૨૦૧૧૬૯૩ તા. ૧૦/૬/૨૦૨૧ થી ભરેલ છે તથા સબ–રજીસ્ટ્રાર કચેરી રાજકોટ - ૨ માં સને - ૧૯૯૮ થી ૨૦૨૧ સર્ચ ફી પહોંચ નં. ૨૦૨૧૦૨૩૦૧૬૧૭૧ તા. ૮/૬/૨૦૨૧ થી ભરેલ છે અને રેકર્ડ તપાસેલ છે અને તેની ઉપર કોઇપણ બોજો નોંધાયેલ નથી. ઉપરોકત બાબતમાં જણાવેલ મિલ્કતનો કબજો ભોગવટો શ્રી મનિષ પ્રફુલભાઇ પંડયા (જમીન માલીક) તથા **શ્રી જીયા ડેવલપર્સનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર દરજ્જે શ્રી રસીકભાઇ વલ્લભભાઇ બુસા** (તે ડેવલપર્સ) નો આવેલ છે. તે બધુ જોતા ઉપરોકત દસ્તાવેજોની કડી શ્રી મનિષ પ્રફુલભાઇ પંડયા (જમીન માલીક) તથા **શ્રી જીયા ડેવલપર્સનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીનાં ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર દરજ્જે શ્રી રસીકભાઇ વલ્લભભાઇ બુસા** (તે ડેવલપર્સ) ના નામની મળતી આવે છે. આથી મારા સ્પષ્ટ અભિપ્રાય મુજબ સવાલવાળી મિલ્કત ના ટાઇટલ કોઇપણ ગીરા બોજા વગરના વ્યાજબી શંકા રહિત, માર્કેટેબલ તથા ટાઇટલ કલીયર હોવાનું મારું માનવું છે.

DHARMESH G. AJANI G/1958/2010 ADVOCATE

સ્થળ : રાજકોટ.
તારીખ : ૧૮/૬/૨૦૨૧

DHARMESH G. AJANI G/1958/2010 ADVOCATE

ધર્મેશ જી. અજાણી (એડવોકેટ)
રજી. નં. જી/૧૯૫૮/૨૦૧૦